જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૮/૨૦૨૦ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૪૦૭/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૬૧ | ૨ | ૧૦૩૬૩ | ૧૬૪૫૦ | ૨ | ૧૬૪૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૭ | ૦ | ૪૩૩૭ | ૫૮૫૧ | ૦ | ૫૮૫૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૫ | ૦ | ૪૫ | ૨૧૪ | ૦ | ૨૧૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૬૨ | ૬ | ૧૪૦૬૮ | ૧૪૬૭૫ | ૨૧ | ૧૪૬૯૬ |
| | કુલ | ૨૮૮૦૫ | ૮ | ૨૮૮૧૩ | ૩૭૧૯૦ | ૨૩ | ૩૭૨૧૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯૩ | ૮,૫૪,૮૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૦ | ૧,૪૦,૦૦૦/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**શાહપુર પોલીસ સ્ટેશનઃ-**

## શાહપુર પોલીસ સ્ટેશન ના મો.સા. ચોરી નો ગુન્હો શોધી કાઢી મુદ્દામાલ રીકવરી કરી આરોપી પકડી પાડતી શાહપુર પોલીસ

મે.પોલીસ કમીશ્નર સાહેબશ્રી તથા મે.સંયુકત પોલીસ કમીશ્નર સેકટર .૧ સાહેબ શ્રી તથા મે. નાયબ પોલીસ કમીશનર શ્રી ઝોન-૦૨ શ્રી વિજય પટેલ સાહેબ તથા ACP શ્રી "C" ડિવિઝન એસ. કે ત્રીવેદી સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા તેમજ વણ શોધાયેલા મિલકત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા અવારનવાર સુચના મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેકટર શ્રી આર. કે. અમીન સાહેબ શાહપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોર્ડના મ.સ.ઈ શકતાભાઈ જકશીભાઈ બ.નં.૫૩૯૪ નાઓ સર્વેલંસ સ્કોર્ડના સ્ટાફના સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગ મા હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૭/૩૦ વાગ્યે શાહપુર દરવાજા પાસે આવતા સર્વેલંસ સ્કોર્ડના પો.કો વનરાજ ભરતભાઈ બ.નં.૧૧૯૬૭ને ચોકકસ બાતમી આધારે આરોપી શૈલેશ સ/ઓ ચમનભાઈ રાવત ઉ.વ.૨૬ ધંધો.છુટકમજુરી રહે.વનમાળી વાકાની પોળ,હીતેશભાઈ મિસ્ત્રીના મકાનમા, હનુમાનજી મન્દીર ની સામે,શાહપુર અમદાવાદ શહેરવાળાને **સ્પ્લેન્ડર મો.સા. GJ-01-EF-8107 જેનો ચેચીસ નં-.05A20F02039 તથા એંજીન નં-.05A18E01618 નો છે.** જેની કિંમત રૂ.૧૦,૦૦૦/-ના મુદામાલ સાથે પકડી પાડી **શાહપુર પો.સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૩૨૦૦૮૨૩/૨૦૨૦ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ**નો ગુન્હો શોધી કાઢેલ છે.

**તા.૧૯/૦૮/૨૦૨૦**

**આરોપીઃ- શૈલેશ ચમનભાઈ રાવત ઉ.વ.૨૬**



# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન :-

## ઘરફોડ ચોરીના ગુનાના આરોપીઓને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) નરોડા પો .સ્ટે ગુ.ર.નં-પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૫૨૦૧૭૪૯/૨૦ ઇ.પી.કો કલમ ૪૫૭ ,૩૮૦, ૧૧૪ મુજબ તથા (૨) નરોડા પો .સ્ટે ગુ.ર.નં-પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૫૨૦૧૭૫૦/૨૦ ઇ.પી.કો કલમ ૪૫૭, ૩૮૦,૧૧૪ મુજબ તથા (૩) નરોડા પો .સ્ટે ગુ.ર.નં-પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૫૨૦૧૭૬૩/૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯ ૧૧૪ મુજબ ના ગુના દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના (૧) ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૯૧/ ૨૦૨૦ તા-૧૯/૦૮/૨૦૨૦ ના હુકમ આધારે આરોપી ગૌરાંગ ઉર્ફે ગવો સ/ઓ બંસીભાઇ વ્યાસ ઉ.વ-૨૯ રહે મોટો વ્યાસવાડો, જૈન દેરાસર રોડ, નારેશ્વર મહાદેવ પાસે, નરોડા ગામ, નરોડા, અમદાવાદ શહેર તથા (૨) ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૯૨/૨૦૨૦ તા-૧૯/૦૮/૨૦૨૦ ના હુકમ આધારે આરોપી રવિ ઉર્ફે ટેણી સ/ઓ દિપકભાઇ મોદી ઉ.વ.:૨૦ રહે ખોડીયારનગર વિભાગ-૧, જૈન દેરાસર મંદીરની પાસે, નોબલનગર, સરદારનગર, અમદાવાદ શહેર તથા (૩) ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૯૨/૨૦૨૦ તા-૧૯/૦૮/૨૦૨૦ ના હુકમ આધારે આરોપણ પુજાબેન વા/ઓ મહેન્દ્રસિંહ જાતે.સિસોદિયા ઉ.વ-૨૨ રહે.ચામુંડાનગર, ભરવાડના મકાનમાં મેડા ઉપર, નોબલનગર, સરદારનગર, અમદાવાદ શહેર ને તા-૧૯/૦૮/૨૦૨૦ ના રોજ પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૧૯/૦૮/૨૦૨૦

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી :

વુ.પો.સ.ઇ.એસ.એમ.ઠાકોર તથા પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા અ.લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭

આરોપીનુ નામ -

"(૧) ગૌરાંગ ઉર્ફે ગવો સ/ઓ બંસીભાઇ વ્યાસ ઉ.વ-૨૯ રહે મોટો વ્યાસવાડો, જૈન દેરાસર રોડ, નારેશ્વર મહાદેવ પાસે, નરોડા ગામ, નરોડા, અમદાવાદ તથા

(૨) રવિ ઉર્ફે ટેણી સ/ઓ દિપકભાઇ મોદી ઉ.વ.:૨૦ રહે ખોડીયારનગર વિભાગ-૧, જૈન દેરાસર મંદીરની પાસે, નોબલનગર, સરદારનગર, અમદાવાદ તથા

(૩) પુજાબેન વા/ઓ મહેન્દ્રસિંહ જાતે.સિસોદિયા ઉ.વ-૨૨ રહે.ચામુંડાનગર, ભરવાડના મકાનમાં મેડા ઉપર, નોબલનગર, સરદારનગર, અમદાવાદ શહેર



**પી.સી.બી. :-**

**"વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ- ૬૮ કિ.રૂ.૩૬Ê૪૦૦/ મળી કુલ્લે રુપિયા ૪૬,૪૦૦/- ના મુદામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી પી.સી.બી."**

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ સુચના આપેલ જે સુચના આધારે તથા પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડા ના માર્ગદર્શન હેઠળ તા.૧૯.૦૮.૨૦૨૦ ના રોજ સ્ટાફના મ.સ.ઈ.ધનરાજસિહ માનસિહÊ અહેકો મહેન્દ્ર વાસુદેવÊ અહેકો ચેતનસિહ નટવરસિહ તથા અપોકો કેયુરભાઈ ધીરુભાઈ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અપોકો કેયુરભાઈ ધીરુભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે એ/૧,પદમાવતી એપાર્ટમેન્ટ, રાધીકા એપાર્ટમેન્ટની બાજુમાં, કેડીલા બ્રીજ પાસે, ઘોડાસર, અમદાવાદ શહેર ખાતે પંચો સાથે રેઈડ કરતા સદર મકાનમા આવેલ બેઠકરુમમા આવેલ લાકડાના પલંગની નીચેથી ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ ૬૫ કિ.રૂ.૩૬Ê૪૦૦/ તથા અન્ય મુદામાલ મળી કુલ્લે કિ.રૂ.૪૬Ê૪૦૦- ના મુદામાલ સાથે આરોપી કુણાલ ઉર્ફે કુંડી દિનેશભાઇ મોદી ઉ.વ.૨૮, રહે. એ/૧, પદમાવતી એપાર્ટમેન્ટ, રાધીકા એપાર્ટમેન્ટની બાજુમાં, કેડીલા બ્રીજ પાસે, ઘોડાસર, અમદાવાદ શહેર ને પકડી લઈ તથા અન્ય ૨ ઈસમો ને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી વટવા પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન. ૦૮૫૨/૨૦૨૦ પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

વોન્ટેડ આરોપીઓ: (૧) છબીનાથસિંગ ઉર્ફે રાજા કૌશલસિંગ ચૌહાણ રહે. સ્નેહકુંજ સોસાયટી, નુતન નાગરીક બેન્કની સામે, ઇસનપુર, અમદાવાદ (૨) શીવા ઉર્ફે શીવો મદ્રાસી સુપૈયા મુદલીયાર રહે. બેવલાપાર્ક સોસાયટી પ્રિયા પાર્ટી પ્લોટ પાસે, ભાઇપુરા, અમદાવાદ

ગુનાની જગ્યા : એ/૧,પદમાવતી એપાર્ટમેન્ટ, રાધીકા એપાર્ટમેન્ટની બાજુમાં, કેડીલા બ્રીજ પાસે, ઘોડાસર, અમદાવાદ શહેર પકડાયેલ આરોપીના મકાન માથી

પકડાયેલ મુદામાલ : (૧) ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ નંગ ૬૮ કિ.રૂ.૩૬Ê૪૦૦/ (૨) મોબાઇલ ફોન નંગ-૦૧ કિ.રૂ.૧૦૦૦૦/- મળી કુલ્લે મુદામાલ રૂ.૪૬,૪૦૦/- નો મુદામાલ

પક્ડાયેલ આરોપી :

(૧) કુણાલ ઉર્ફે કુંડી દિનેશભાઇ મોદી ઉ.વ.૨૮, રહે. એ/૧, પદમાવતી એપાર્ટમેન્ટ, રાધીકા એપાર્ટમેન્ટની બાજુમાં, કેડીલા બ્રીજ પાસે, ઘોડાસર, અમદાવાદ શહેર



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૦૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૩૫૯ લીટર દેશી દારૂ, ૮૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ કાર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૭૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૦૯/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૦/૨૦૨૦**

નિકોલઃ શામળભાઈ બાબરભાઈ રબારી (રહે. દેવકૃપા -૪ અમર જવાન સર્કલ પાસે નિકોલ) એ તા.૧૯/૦૮/૨૦૨૦ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતે છેલ્લા બે વર્ષથી બિલેશ્વર કોમ્પલેક્ષ ખાતે આવેલ “શ્રી હરી ફાયનાન્સ” નામની તેઓના કૌટુંબિક ભાઈ રત્નાભાઈ રબારીની ઓફીસમાં નેટ બેન્કીંગનુ કામ કરતા હતા અને નેટ બેન્કીંગ માટે રત્નાભાઈનો મોબાઈલ અને જવા–આવવા માટે તેમનુ મોટર સાયકલ વાપરતા હતા. રત્નાભાઈના કહેવાથી તેમનો મિત્ર મિહિરભાઈ ભરતભાઈ પ્રજાપતિ (રહે. મીલ કામદાર સોસાયટી નાગરીક બેન્ક પાસે કલોલ જીલ્લો-ગાંધીનગર) તા.૦૬/૦૮/૨૦૨૦ થી શામળભાઈ પાસે એકાદ અઠવાડીયુ રોકાવા આવ્યો હતો દરમ્યાન તા.૧૭/૦૮/૨૦૨૦ રાતના ૧૧/૦૦ થી તા.૧૮/૦૮/૨૦૨૦ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કોઇપણ સમયે આરોપી મિહિરભાઈ ભરતભાઈ પ્રજાપતિ એ શામળભાઇના રહેણાંક મકાન ખાતેથી રત્નાભાઇનો મોબાઈલ ફોન કિમત રૂપિયા ૫૦૦૦/- અને મોટર સાયકલ કિમત રૂપિયા ૨૦,૦૦૦/- લઈ નાસી ગયો હતો. તેમજ મિહીરભાઇએ રત્નાભાઇના મોબાઈલ ફોનમાં નિકોલ શાખાની બંધન બેન્કની નેટ બેન્કિંગ એપ્લીકેશન જે ડાઉનલોડેડ હતી તે એપ્લીકેશનનો ઉપયોગ કરી, રત્નાભાઈના ખાતામાંથી કુલ રૂપિયા ૩,૨૫,૦૦૦/- ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.પટેલ ચલાવે છે.

**નરોડાઃ** મૌલેશ અરવિંદભાઈ સુથાર (ઉ.વ.૩૮) (રહે. બાપાશ્રીપાર્ક ફ્લેટ હરીદર્શન ચાર રસ્તા પાસે નવા નરોડા) એ તા.૧૯/૦૮/૨૦૨૦ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૭/૨૦૨૦ કલાક ૧૨/૪૫ થી તા.૦૫/૦૭/૨૦૨૦ સાંજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન મોબાઈલ નંબર ૯૯૮૨૯૬૫૪૪૫ તથા ૯૧૯૯૮૨૯૬૫૪ ના ધારકે મૌલેશ સુથારને ફોન કરી એક છોકરી તથા અન્ય એક વ્યક્તિએ પોતાનું નામ રાહુલ જણાવી પોતે એક્સીસ બેંક ક્રેડીટ કાર્ડ ડીપાર્ટમેન્ટમાંથી બોલતા હોવાનુ જણાવી વિશ્વાસમાં લઇ, મૌલેશ સુથારના ક્રેડીટ કાર્ડની માહીતી જાણી લઈ, મૌલેશ સુથારના મોબાઈલ ફોનમાં આવેલ ઓટીપી નંબર મેળવી મૌલેશ સુથારના ક્રેડીટ કાર્ડમાંથી કુલ પાંચ ટ્રાન્ઝેક્શન કરી અલગ-અલગ જગ્યાએથી કુલ ૨,૦૪,૩૪૯/- રૂપિયાની ખરીદી કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જી.પટેલ ચલાવે છે.

## <u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૪૧૧/૨૦૨૦</u>

**શાહીબાગઃ** ડૉ.જયંત નાગરદાસ સોલંકી (રહે.સેક્ટર-૨/બી ગાંધીનગર) એ તા.૧૯/૦૮/૨૦૨૦ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૮/૨૦૨૦ કલાક ૧૨/૪૦ થી તા.૦૪/૦૮/૨૦૨૦ કલાક ૭/૪૦ વાગ્યા દરમ્યાન સિવિલ હોસ્પીટલમાં આવેલ જુના ટ્રોમા સેન્ટરમાં પહેલા માળે આવેલ ઇલેક્ટ્રો મેડીકલ વર્કશોપના "સી" રુમની બારી તોડી અજાણી વ્યક્તિ "બી" રૂમમાંથી કોમ્પ્યુટર સેટ જેમાં મોનીટર, સી.પી.યુ., પ્રિંટર, વાઇફાઇ ટ્રાંસમીટર પાવર એડોપટર મળી કુલ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- તથા "સી" રૂમમાંથી બે એફ.એમ.રેડીયો કિમત રૂપિયા ૫૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૩૦,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વાઘેલા ચલાવે છે.

## <u>સોનાની ચેઇન ખેચી તોડી લઇ ગયા :-</u> <u>સમાચાર યાદી નં.૧૪૧૨/૨૦૨૦</u>

**નરોડાઃ** જનકબા રામસિહ રાઠોડ (ઉ.વ.૪૫) (રહે. કલગીપાર્ક સોસાયટી સ્વામિનારાયણ મંદિર સામે કઠવાડા રોડ નરોડા) તા.૧૯/૦૮/૨૦૨૦ કલાક ૧૦/૪૫ વાગ્યાના સુમારે નરોડા સ્વામિનારાયણ મંદિરની બાજુમાં આવેલ અંબિકાપાર્ક સોસાયટીના નાકા પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષ જનકબા રાઠોડના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જનકબા રાઠોડ એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૩/૨૦૨૦**

**નારણપુરાઃ** મોકસાબહેન ભરતભાઈ મહેતા (રહે. હરીપાર્ક સોસાયટી પાવન પાર્ટી પ્લોટ પાસે અંકુર રોડ નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૮/૨૦૨૦ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.એચ.ચૌધરી ચલાવે છે.

**રામોલઃ** પુજાસીંગ વા/ઓ રોહિતસીગ ક્ષત્રિય (ઉ.વ.૨૬) (રહે. માધવ પાર્ક વિભાગ-૨ માધવ સ્કુલ પાસે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૮/૨૦૨૦ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર ગણપતસિંહ ચલાવે છે.

**વટવાઃ** મોહમદઅલફ્રોસ સ/ઓ અબ્દુલમજીદ શેખ (ઉ.વ.૧૮) (રહે. કુતુબનગર ગલી નંબર-૪ સૈયદવાડી બસ સ્ટેશન સામે વટવા) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૮/૨૦૨૦ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમેશભાઇ ગીબાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી